# નીતિ આયોગના ડેપ્યુટી એડવાઈઝર કહે છે, ‘ભવિષ્યમાં મશીનોના હુમલાનો ભય વિશ્વના બધા દેશોને રહેશે’

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

‘અત્યારે વિશ્વમાં ટેકનોલોજીકલ ગ્રોથના કારણે પરંપરાગત ઉદ્યોગોના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ છે જ્યારે બીજી તરફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી દુનિયા વધુને વધુ નાની થઈ રહી છે. વિશ્વમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જે રીતે હરણફાળ ભરી રહી છે તે પરિસ્થિતિ જોતા ભવિષ્યમાં દરેક દેશને મશીનોના હુમલાનો ભય રહેશે. હવે આપણે એ વિચારવાનું છે કે શું આપણે એ સ્થિતિ માટે તૈયાર છીએ?’ આ શબ્દો છે ભારત સરકારના નિતિ આયોગના ડેપ્યુટી એડવાઈઝર અમિત ભારદ્વાજના. તેમણે જાપાનથી સ્કાયપી વીડિયો લાઈવ ટેલિકાસ્ટની મદદથી જીએનએલયુમાં ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન ધ ડિજિટલ એજ : ઈસ્યૂ એન્ડ ચેલેન્જ’ વિષય પર વિદ્યાર્થીઓને સંબોધતા આ વાત કહી. તેમણે ઉમેર્યું હતું કે, ‘ઈકોનોમિક અને ટેકનોલોજીકલ ગ્રોથ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ જરૂરી છે. ભારતમાં બધાએ સાથે મળીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષય પર ચર્ચા કરવી જોઈએ અને તેની મર્યાદાઓ નક્કી કરવી જોઈએ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે ઘણા પરંપરાગત ઉદ્યોગોને અસર પણ થઈ રહી છે અને થવાની છે ત્યારે એઆઈના ઉપયોગ સંબંધિત યોગ્ય કાયદા પણ ઘડાવા જોઈએ.’

**અમિત ભારદ્વાજે જાપાનથી લાઈવ ટેલિકાસ્ટ કરી GNLUમાં વિદ્યાર્થીઓને સંબોધ્યાં**